**DATE: 18/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં હસ્તી તળાવ વિસ્તારમાં દારૂ સાથે બે બૂટલેગર ઝડપાયા

અંકલેશ્વર તા.૧૭

અંકલેશ્વરના હસ્તી તળાવ વિસ્તારમાં ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂનો ધંધો કરતા બે બુટલેગરોને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને બાતમીના આધારે ગજાનંદ સોસાયટીમાં રહેતો પ્રકાશ પ્રવિણ રાણા તેમજ હસ્તી તળાવ વિસ્તારમાં રહેતો મહેશ સોમચંદ સુરતી એકમેકના મેળા પીપણામાં ઈંગ્લિશ દારૂનુ ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે આથી બંને ઉપર વોચ રાખતા પ્રકાશ રાણાએ મહેશ પાસે મંગાવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો આપવા માટે આવતા પોલીસે ઈંગ્લીશ દારૂની ૭૫૦ મી.લી.ની બોટલ નંગ ૦૫ જેની રૂ. ૨૦૦૦ તથા ૩૭૫ મીલીની બોટલ નંગ ૪૦ જેની કુલ રૂ. ૮૦૦૦ મળી કુલ નાની મોટી બોટલ નંગ ૪૫ જેની કુલ રૂ. ૧૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે બંને ને રંગે હાથ ઝડપી લીધા હતા.

**DATE: 18/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

# કીમથી ભાગેલો ઉદેપુરનો કિશોર અંકલેશ્વરથી રખડતો મળી આવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસની ટીમ પેટ્રોલીંગમાંહતી તે દરમિયાન વાલિયા ચોકડી જીઆઈડીસી બસ ડેપો નજીક એક બાળક નજરે પડી રહ્યો હતો. જે બાળક ગુમ હોય કે અન્ય કારણોસર રાખડી રહ્યું હોવાની શંકા જતા બાળકને રોકી પોલીસ મથકે લઈ આવ્યા હતા અને જ્યાં ચાઈલ્ડ વેલ્ફેરઓફિસર બોલાવીને બાળકની પૂછપરછ કરાઈ હતી જેમાં તે રાજસ્થાનના ઉદેપુરનો હોવાનું બહાર આવ્યું હતું. તે સુરતના કીમ ખાતે તેના ગામના ખેતરામ સાથે બસમાં આવ્યો હતો.

કીમ આવ્યા બાદ તે કોઈને કહયાં વગર નીકળી ગયો હતો અને ચાલતો ચાલતો અંકલેશ્વર આવી ગયો હતો. પોલીસે ઉદેપુરમાં રહેતાં તેના પિતાનો સંપર્ક કરતાં તેઓ અંકલેશ્વર આવી ગયાં હતાં અને પરિવાર સાથે મિલન થયું હતું. બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સગીર અને પરિવાર ભેગા થતાં ભાવુકતા જોવા મળી હતી.

**DATE: 19/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચની પુષ્પધન સોસાયટીની ઘટના ભાડૂઆતની નોંધણી ન કરનાર બે મકાન માલિકો સામે ગુનો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલી પુષ્પધન સોસાયટીમાં એ ડિવિઝન પોલીસની ટીમોએ ચેકિંગ કરતાં હનુમાનપ્રસાદ શ્રીસીતારામ બિહાનીએ તેમના મકાનના નીચેના ભાગે આવેલો રૂપમાં છેલ્લાં ત્રણ વર્ષથી ભાડેથી આપ્યો હોવાનું તેમ છતાં તેમના ભાડૂઆતની નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડ્યું હતું.

તે જ પ્રકારે ધર્મેન્દ્રસિંહ મોતીસિંહ આડમારે પણ તેમના મકાનનો નીચો ભાગ ભાડેથી આપ્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે બન્ને મકાન માલિક વિરૂદ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરીછે.

**DATE: 19/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## વડદલા ગામે રોયલ રેસિડન્સીનો બનાવ

# દુકાનમાં મોટી બોટલોમાંથી નાનીમાં ગેસ ભરવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ નજીક આવેલાં વડદલા ગામે આવેલી રોયલ રેસીડેન્સી ખાતે દુકાન ધરાવતો જીવનસીંગ સોહનસીંગ સોલંકી (રહે. શિવમ રેસીડન્સી, વડદલા) તેની દુકાનમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગનું કૌભાંડ આચરે છે. તેવી ચોક્કસ બાતમી મળતાં દહેજ પોલીસની ટીમે તુરંત સ્થળ પર દોડી જઇ રેડ પાડી હતી. દુકાનમાં ટીમને જીવનસીંગ સોલંકી મળી આવ્યો હતો. ટીમે તેની દુકાનમાં ચેકિંગ કરતાં તેમને ગેસની નાની-મોટી 3 બોટલો મળી આવી હતી.

તપાસ કરતાં તે એક મોટા બોટલમાંથી નાની બોટલમાં ગેસ ભરી રહ્યો હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેથી ગેસના બોટલો, વજન કાંટો, વાલ્વ તેમજ રિફિલિંગ પાઈપ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વધુ તપાસ હાલ ચાલી રહી છે.

**DATE: 19/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ડ્રેનેજની કામગીરી માટે મજૂરો બોલાવ્યાં હતાં

# પાનોલીમાં શ્રમિકોની નોંધણી નહિ કરાવનારા સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી જીઆઈડીસીમાં શ્રમિક નું પોલીસ વેરિફિકેશન નહિ કરાવતા લેબર કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસની ટીમ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન જીઆઈડીસી માંથી પસાર થતી નહેર ઉકાઈ નહેર પાસે બાજુ માં નર્સરી પાસે ડ્રેનેજ ની પાઈપ લાઈન ની કામગીરી ચાલી રહી હતી.

જ્યાં ડી.આર. કન્સ્ટ્રક્શન ના એજન્ટ અને વહીવટકર્તા અંકિત ઢાંકે પાસે પોલીસ દ્વારા મજૂરો નુ પોલીસ વેરિફિકેશન અંગે પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તેણે પોલીસ વેરિફિકેશન કરાવ્યું નહિ હોવાનું સામે આવતાં તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. ડી.આર. કન્સ્ટ્રક્શન કંપનીએ ડ્રેનેજની કામગીરી માટે બહારગામથી મજૂરો બોલાવ્યાં હતાં. લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ જિલ્લાભરમાં પોલીસ ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. ખાસ કરીને ભરૂચ જિલ્લાની જીઆઈડીસીઓમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી છે.

**DATE: 20/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંક્લેશ્વરમાંથી 4 જુગારી ઝબ્બે

અંક્લેશ્વર । અંક્લેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ધીરજ કેન ચોકડી નજીક જુગાર રમતા 4 ઈસમો ની જીઆઈડીસી પોલીસે અટકાયત કરી રોકડા રૂપિયા 11 હજાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દરોડા પડતા જાહેર માં જુગાર રમતા ઈરફાન રસીદ શેખ ,કાંતિ મણિલાલ સોલંકી ,ઈરફાન યાકુબ બકાની અને મહંમદ યુસુફ નવાબ ને ઝડપી પાડયા હતા.પોલીસે સ્થળ ઉપરથી દાવ પર લાગેલા રોકડ તેમજ અંગ ઝડતીમાંથી મળેલ રોકડ મળી કુલ રૂપિયા 11 હજાર જપ્ત કરી ચારેય વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

**DATE: 20/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### પોલીસે લાલ આંખ કરતા ફફડાટ

# અંકલેશ્વર ધીરજ કેન ચોકડી પાસે જુગાર રમતા ૪ની અટક

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલ ધીરજ કેન ચોકડી નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૪ ઈસમોની GIDC પોલીસે રૂ. ૧૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં દારૂ, જુગાર સહિતની વિવિધ અનૈતિક પ્રવૃત્તિઓને અટકાવવા હંમેશા પોલીસ તંત્ર કામગીરી કરતું હોય છે, ત્યારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પંથકમાં જુગારીયાઓ વિરુદ્ધ પોલીસે કાયદાની ધોંશ વધારતા જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. અંકલેશ્વરના GIDC વિસ્તારમાં આવેલ ધીરજ કેન ચોકડી પાસે પોતાના અંગત ફાયદા સારું ગોળ કુંડાળુંવાળી પત્તા-પાનાં વડે હાર-જીતનો જુગાર રમતા ૪ ઈસમોને GIDC પોલીસે ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર GIDC પોલીસે સ્થળ પર ચારેય ઈસમોની અંગઝડતી કરતા રોકડ ૮,૩૪૦ રૂપિયા, દાવ ઉપરના રોકડ ૩,૨૯૦ રૂપિયા મળી આવ્યા હતા. આ સાથે જ પાથરણું સહિત પત્તા-પાનાં મળી ૧૧,૬૩૦ રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસે ચારેય ઈસમોની અટકાયત કરી કાયદેસરનીકાર્યવાહી હાથ ધરી છે.

**રૂા. ૧૧ હજારથી વધુના મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી**

**DATE: 21/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આયોજન

# ભરૂચમાં તહેવારો પહેલાં શાંતિ સમિતિની બેઠક મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રાજ્યભરમાં આગામી દિવસોમા આવી રહેલા તહેવારોને ધ્યાનમાં રાખી ભરૂચ એ ડીવીઝન પોલીસ મથક ખાતે પીઆઈની અધ્યક્ષતા શાંતિ-સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હોળી-ધૂળેટીનો તહેવાર અને હાલમાં રમઝાન માસ ચાલી રહ્યો છે.

ત્યારે આ બંને તહેવારો શાંતિમય માહોલમાં ઉજવાઈ તે માટે પોલીસ સતર્ક બની ગઈ છે. બંને તહેવારો દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવો ન બને તે માટે અત્યારથી પોલીસ સજાગ બની છે. તહેવારોની ઉજવણી શહેરી વિસ્તારોમાં ભાઈચારા અને શાંતિથી ઉજવાઈ તે જોવા આગેવાનોને અપીલ કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીને અનુલક્ષી આચારસંહિતા અમલમાં હોવાથી તેનો ભંગ ન થાય તેવું કોઈ કૃત્ય ન થાય તે બાબતે ધ્યાન રાખવા પણ આગેવાનો અને સભ્યોને જણાવવામાં આવ્યું હતું.

**DATE: 21/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# નેત્રંગના જીન બજારમાં દારૂ પકડાયો

નેત્રંગઃ નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.આર.ગોહિલ તેમજ સ્ટાફ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હોળી-ધુળેટીના તહેવારને લઈ પેટ્રોલિંગમાં હતો. એ સમયે બાતમી મળી હતી કે, નેત્રંગ નગરના જીન બજાર વિસ્તારમાં નેત્રંગ-કેલ્વીકૂવા રોડ પર એપીએમસી સબયાર્ડની બાજુમાં ધામલા કંપની ફળિયા વિસ્તારમાં રહેતી ગીતા સતીષ વસાવાએ પોતાના ઘરની આજુબાજુ વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. આ બાતમીના આધારે રેડ કરતાં તેના ઘરના બાથરૂમમાંથી તેમજ બહાર આંગણામાં પાર્ક કરેલી મોપેડની ડીકીમાંથી વિદેશી દારૂની




નાની-મોટી ૨૧૯ બોટલ તેમજ બિયર ટીન-૭૨ નંગ મળી કુલ ૨૯૧ બોટલ કિં.રૂ.૭૬૬૭૮ તેમજ મોપેડ કિં.૫૦ હજાર મળી કુલ રૂ.૧,૨૨,૬૭૮ના મુદ્દામાલ સાથે મહિલા બુટલેગર ગીતા વસાવાને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટનો ગુનો નોંધી જેલહવાલે કરી છે.

**DATE: 21/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બંને આરોપી અમદાવાદની છારાનગર કોલોનીના રહેવાસી

# અંકલે.માં 3.50 લાખની ચીલઝડપના 2 રીઢા આરોપી યવતમાલથી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 2022માં કારનો કાચ તોડી 3.50 લાખની રોકડ ભરેલી બેગની ઉઠાંતરી કરવાના ગુનામાં બે આરોપી મહારાષ્ટ્રના યવતમાલથી ઝડપાતાં પોલીસે તેમનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

5 ઓગસ્ટ 2022ના રોજ સરદાર પાર્કમાં રહેતા વેપારી હરેશ પટેલ ખુશ હાઈટ્સમાં નિર્માણ પામેલા નવા મકાન જોવા ગયા હતા. તેમણે કાર ખુશ હાઈટ્સના પાર્કિંગમાં પાર્ક કરી હતી તે દરમિયાન 3 બાઈક સવાર ઈસમોએ કારનો કાચ તોડીને 3.50 લાખ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવની ફરિયાદ જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાય હતી. દરમિયાન મહારાષ્ટ્રની યવતમાલ પોલીસે ઝડપી પાડેલા બે આરોપીએ અંકલેશ્વરના ગુનાની કબૂલાત કરતાં સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. અંકલેશ્વર પોલીસે ત્યાંની કોર્ટમાંથી દિપક બજરંગી અને મયુર બજરંગનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે. બંને આરોપી અમદાવાદના છારાનગર કોલોની વિસ્તારના રહેવાસી છે. ચીલઝડપમાં ગયેલાં રૂપિયા રીકવર કરવા તથા અન્ય આરોપીને ઝડપી પાડવા તેમના રીમાન્ડ માગવમાં આવશે.

**DATE: 22/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 2 સપ્તાહ પહેલાં દરોડામાં 3 જણા ભાગ્યાં હતાં

# આલુંજ ગામે ગૌમાંસ મળવાના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના આલુંજ ગામે ગૌવંશની કતલ કરી માંસના વેચાણના ગુનામાં ફરાર 3 આરોપી પૈકી એકને ઝડપી પાડવામાં આવ્યો છે. આલુંજ ગામે ગૌવંશની હત્યા કરી માંસના વેચાણનો વેપલો ચાલતો હોવાની બાતમીના આધારે પાનોલી પોલીસે દરોડો પાડયો હતો. જેમાં સ્થળ પરથી કતલ કરેલ ગૌવંશના માંસનો જથ્થો, કતલ કરવાના સાધનો અને કતલ કરવા માટે બાંધી રાખેલ બળદ મળી આવ્યા હતાં. ગૌમાંસનો 360 કિલો જથ્થો તથા અન્ય સાધનો મળીને 51 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસને જોઇને આલુંજના અબ્દુલ જોગીયાત, આશીબ જોગીયત અને કાલિદાસ વસાવા ભાગી ગયાં હતાં. 9 તારીખથી ફરાર કાલીદાસ વસાવાને ઝડપી લેવાયો છે જયારે બે આરોપી હજી ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 22/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### કુલ રૂા. ૮૬,૭૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

# એબીસી ચોકડી પાસેથી LCB પોલીસે ૧૨૦ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી

### દારૂ રિક્ષામાં લઈ જવાતો હતો : બે આરોપી ઝડપાયા : ૧ વૉન્ટેડ

| ભરૂચ |

હોળી-ધૂળેટીનો પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે ભરૂચ જીલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા સામાજીક બદી દારૂબંધીનો કાયદો અમલમાં લાવવા તમામ પ્રયાસો થઈ રહ્યા છે જેના એક ભાગરૂપે એલસીબી પોલીસ દ્વારા ભરૂચ નજીક આવેલ એબીસી ચોકડી પાસેથી રીક્ષામાં વહન થતો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે એલસીબી પોલીસે બે આરોપીને ઝડપી પાડયા છે અને એક આરોપીને વોન્ટેડ બતાવાયો છે. પીએસઆઈ બી. એ.તુવરને બાતમી મળી હતી કે, બુટલેગર રાહુલ કાયસ્થ તેના મળતિયા દ્વારા ઓટો રીક્ષામાં દારૂ મંગાવેલ છે. એબીસી સર્કલ પાસે એલસીબી પોલીસે નાકાબંધી કરતા બાતમી મુજબની રીક્ષા જણાય હતી જેમાંના આરોપીઓની પુછપરછ કરવામાં આવી હતી.



આરોપીઓએ જણાવ્યુ હતુ કે, રાહુલ કાયસ્થે વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો જેથી રીક્ષા લઈ જીઆઈડીસી ફેઝ-૧ માં ગયેલ હતા. તેમજ સિલ્વર કલરની નંબર પ્લેટ વગરની સ્વીફટ કારમાં આવેલ ઈસમે રીક્ષા ચાલકોને દારૂનો જથ્થો આપ્યો હતો એમ ઝડપાયેલ આરોપીઓએ જણાવ્યુ હતુ. રીક્ષા તેમજ દારૂ અને મોબાઈલ મળી કુલ રૂા.૮૬,૭૦૦ જેટલો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. આ બનાવમાં પોલીસે વિદેશી દારૂની કુલ ૧૨૦ બોટલો ઝડપી પાડી હતી. આરોપી મુસ્તાક મન્સુરી, રહે.દાંડીયાબજાર, ભરૂચ, સંજય રાઠોડ રહે.કસક, ભરૂચને ઝડપી પાડયા હતા અને રાહુલ કિશોર કાયસ્થ, રહે.દાંડીયાબજારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

**DATE: 22/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં અપહરણના ગુનામાં ફરાર વોન્ટેડ આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૨૧

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે અપહરણના ગુનામાં ફરાર આરોપીની કરી ધરપકડ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકના અપહરણના ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો

## અગાઉ અપહરણ કરતા સમયે સંબંધીઓએ અન્ય કારમાં રહેલા ૪ શખ્સોને રોકી ઝડપી પાડ્યા હતા

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકના અપહરણના ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો.

ગત તા.૨૩ જાન્યુઆરીના રોજ મુળ અમદાવાદના અને હાલમાં અંક્લેશ્વરના રેલવે ગોદીની સામે આવેલા મિતા એપાર્ટમેન્ટ ખાતે રહેતા ઈમરાન દિલાવર મુલતાનીની બહેન નસીમ તેમજ બનેવી અમિત મનુભાઈ મુલતાની સુરેન્દ્રનગરના લીમડી ખાતે રહે છે.જેઓ મહેમાન બની અંક્લેશ્વર રહેવા આવ્યા હતા.

જેઓનું ક્રિપ્ટોમાં રોકાણ મામલે ૫ થી ૬ લોકોએ માથાકૂટ કરી કારમાં અમિત ભાઈનું અપહરણ કરી લઈ જતા હતા.તે સમયે તેઓના સંબંધીઓએ અન્ય કારમાં રહેલા ચાર અપહરણકારોને રોકી લીધા હતા.

પોલીસને જાણ કરતા પોલીસ કાફલો સ્થળ પર દોડી જઈ ચારેય ઈસમોને ઝડપી પાડ્યા હતા.આ મામલામાં વોન્ટેડ વધુ એક આરોપી મોહસીન ઉર્ફે કુમાર રસીદ રહિમ મુલતાનીને ઝડપી પડ્યો હતો

**DATE: 24/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કસાઇવાડ વિસ્તારમાં ગૌવંશની કતલ

# અંકલેશ્વરમાંથી 132 કિલો ગૌમાંસ સાથે 4ની ધરપકડ



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કસાઈવાડ ખાતે મોહંમદ સોહેલ કુરેશીના બે માળના સિદ્દીક મંઝિલ નામના મકાનમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં નીચેના માળ પર ગૌવંશની કતલ કરતાં મોહંમદ કુરેશી, અબ્દુલ રઝાક કુરેશી, શહેરાજ ઉર્ફે સિરાજ કુરેશી અને મહંમદહસન કુરેશીને કતલ કરતા સાધનો સાથે ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી કતલ કરવાના સાધનો તથા 132 કિલો ગૌમાંસ મળ્યું હતું. એફએસએલના અધિકારીઓએ પણ સ્થળ પર મળેલું મૌસ ગૌમાંસ હોવાની પુષ્ટી કરી હતી.

**DATE: 24/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### યવતમાલથી ઝડપાયેલાં રીઢા તસ્કરોએ વધુ એક ગુનાની કબૂલાત કરી

# અંકલેશ્વરમાં 2 વર્ષ પહેલાં થયેલી ₹ 9.11 લાખની ચીલઝડપનો આખરે ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મહારાષ્ટ્રના યવતમાલમાંથી ઝડપાયેલાં બે રીઢા તસ્કરોએ અંકલેશ્વરમાં વધુ એક ચીલઝડપના ગુનાની કબૂલાત કરી છે. 2022માં અકસ્માતના બહાને ટ્રાન્સપોર્ટરની કાર અટકાવીને તેમાંથી 9.11 લાખની રોકડ રકમ ઉઠાવી બંને ગઠિયાઓ ફરાર થઇ ગયાં હતાં.

24 ઓગસ્ટ 2022ના રોજ અંકલેશ્વરમાં ક્રિષ્ના રોડવેઝ ની ઓફિસ ધરાવતા રાજેશ પટેલ બેંકમાંથી 99.11 લાખની રોકડ ઉપાડીને આંગડીયા કરવા માટે જતાં હતાં તે સમયે જીતાલી જકાતનાકા પાસે બે બાઇક પર આવેલાં યુવાનોએ તેમની કાર અટકાવી હતી અને તમે અકસ્માત કર્યો છે તેમ કહી જીભાજોડી કરવા લાગ્યાં હતાં. એક બાઇક સવાર જીભાજોડી કરતો હતો ત્યારે બીજી બાઇક પર બેઠેલા યુવાનો કારમાં



મુકેલી રોકડ રકમ ભરેલી બેગ લઇને નાસી છૂટયાં હતાં. હાલમાં જ જીઆઇડીસી પોલીસે મહારાષ્ટ્રની યવતમાલ પોલીસ પાસેથી અમદાવાદના છારા નગર વિસ્તારમાં રહેતાં દિપક બજરંગી અને મયુર બજરંગીનો કબજો મેળવ્યો છે. આ બંનેએ પહેલાં અંકલેશ્વરમાં ખુશ હાઇટસમાં કારમાંથી 3.50 લાખની ચીલઝડપના ગુનાની કબુલાત કરી હતી. 9.11 લાખની ચીલઝડપના કેસમાં શહેર એ ડીવીઝન પોલીસે બંને આરોપીનો કબજો લીધો છે. 9.11 લાખ રિકવર કરવા તેમજ ચોરીના અન્ય ત્રીજો ઈસમ કોણ હતો તે અંગે પૂછપરછ માટે રિમાન્ડ માટેની તજવીજ શરુ કરી હતી.

**DATE: 24/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

# અંકલેશ્વરના શિવાલયમાં ચાંદીની ચોરીમાં વધુ એક શખસ ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલા પશુપતિનાથ મહાદેવ મંદિરમાં પાંચ કિલો ચાંદીની ચોરીના મામલામાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલા પશુપતિનાથ મહાદેવ મંદિરમાં ગત તા. ૫મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ચોરીની ઘટના બની હતી. તસ્કરો મંદિરમાંથી સાડા પાંચ કીલો ચાંદીની ચોરી કરવામાં સફળ રહ્યા હતા. જેમાં સંડોવાયેલા બે આરોપીઓની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે હવે આ મામલામાં પોલીસને વધુ એક સફળતા હાથ લાગી છે.પોલીસે મંદિરમાં ચોરી કરનાર વધુ એક આરોપીની ધરપકડ કરી છે.જીઆઈડીસી પોલીસે અમદાવાદના સુરેશ સોનીની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી છે. આરોપીએ ચોરીના ઘરેણાં ખરીદ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે, ત્યારે તેની અન્ય ગુનાઓમાં પણ સંડોવણી છે કે કેમ એ ચકાસવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.